सत्य मेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખઃ– | ૧૫–૦૪–૨૦૧૭ |
| નોંધણી તારીખ | ૧૫–૦૪–૨૦૧૭ |
| ફેસલ તારીખઃ– | ૦૪–૦૭–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષઃ માસઃ દિવસઃ<br>૦૯ ૦૨ ૧૯ |

---

**બાવળા તાલુકાના મહે.એડી. સીવીલ જજ અને જ્યુ.મેજી.ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.તા.બાવળા, જિ.અમદાવાદ(ગ્રામ્ય)**

---

| | |
|---|---|
| **ક્રિમીનલ કેસ નં.** | **૪૭૬/૨૦૧૭** |
| **આંકઃ–** | |

**ફરિયાદીઃ–** **સરકારશ્રી**

**વિરુદ્ધઃ–**

**આરોપીઓઃ–**

(૧) **જગદિશ ફતાજી ઠાકોર,**
ઉ.વ.૨૨,

(૨) **અજય ઉર્ફે પ્રફુલભાઈ બળદેવભાઈ ઠાકોર,**
ઉ.વ.૨૦,
આરોપી નં.૧ તથા ૨ રહે.મજુર કલ્યાણ સોસા. પાસે, બાવળા.

(૩) **સન્ની ઉર્ફે સંજય મહેશભાઈ ઠાકોર,**

(૪) **અશ્વીનભાઈ ધીરુભાઈ ઠાકોર (એબેટ),**
આરોપી નં.૩ તથા ૪ રહે.મતિયાવાસ, બાવળા, તા.બાવળા.

**ફરિયાદી તર્ફે વિ.એ.પી.પી.શ્રીઃ–** **એચ.એન.જોષી, તેજલબેન વી.શાહ**

**આરોપી તર્ફે વિ.વ.શ્રીઃ–** **કે.પી.વાઘેલા**

**ગુનોઃ– પ્રોહી. એક્ટની કલમઃ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી), ૮૧ મુજબ.**

## -:: ચુકાદો ::-

(૧) **ફરિયાદની ટુંકમાં હકીકતઃ-**

હાલના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૬-૧૧-૨૦૧૫ ના કલાકઃ-૨૧.૦૦ વાગ્યે મોજે બાવળા, ટાઉન મતિયાવાસ ખાતે આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં પોતાના કબજા ભોગવટામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે ૭૫૦ મી.લી. ની બોટલ નં.૭૮ કિંમત રુ.૩૯,૦૦૦/- નો રાખી ચાર્જશીટના કોલમ નં.૨ માં જણાવેલ આરોપી નાસીરખાન પઠાણનાએ દારુનો જથ્થો પુરો પાડી પ્રોહી. એક્ટની કલમઃ-૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી), ૮૧ મુજબનો ગુનો કરેલ હોવાની સંબંધીત પોલીસ તપાસ અધિકારીએ તપાસ કરી, લાગતા-વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલું છે.

(૨) આ અદાલત દ્વારા આરોપીઓને હાજર થવા માટે સી.આર.પી.સી. ની કલમઃ-૨૦૪ અન્વયે સમન્સ કાઢતા, જે સમન્સ આરોપીને બજી જતા, આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે અત્રેની અદાલતમાં હાજર થતાં, સી.આર.પી.સી. ની કલમઃ-૨૦૭ મુજબ તેઓને તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપવામાં આવેલી.

(૩) સદર કામે આંકઃ-૧૪ થી ૧૬ સુધી થી આરોપીઓની સદર ગુના સબબની પ્લી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે અને ન્યાયીક કાર્યવાહીની માંગણી કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષે સદરહું ઈન્સાફી કાર્યવાહીમાં પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

### ફરિયાદપક્ષના સાક્ષીઓની જુબાનીનો આંકઃ-

| ક્રમ | નામ | આંક |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ નટવરસિંહ ભાવુસિંહ વાઘેલાની જુબાની | ૧૮ |
| ૦૨ | પંચ સાહેદ દિનેશભાઈ ચંદુભાઈ વાઘેલાની જુબાની | ૨૦ |
| ૦૩ | ફરિયાદી મહેન્દ્રસિંહ હરીસિંહ સોલંકીની જુબાની | ૪૩ |

<u>**દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ-**</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| **૦૧** | પંચનામુ | ૧૯ |
| **૦૨** | ફરિયાદ | ૪૪ |

**(૫)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી એ પુરાવો પુરો થયાનું જાહેર કરતા આ કામે અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામે આરોપીઓ વિરુદ્ધનો પુરાવો જણાતા આરોપીઓનું સી.આર.પી.સી. ની કલમઃ-૩૧૩ અન્વયેનું નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ ઉભયપક્ષે સી.આર.પી.સી. ની કલમઃ-૩૧૪ મુજબ વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

**(૬)** ઉપરોક્ત હકીકતના આધારે ફરિયાદપક્ષનો કેસ, આરોપીઓનો બચાવ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાનમાં આ કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

<u>**મુદ્દાઓઃ-**</u>

**(૧)**શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, તા.૦૬-૧૧-૨૦૧૫ ના કલાકઃ-૨૧.૦૦ વાગ્યે મોજે બાવળા, ટાઉન મતિયાવાસ ખાતે આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં પોતાના કબજા ભોગવટામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે ૭૫૦ મી.લી. ની બોટલ નં.૭૮ કિંમત રુ.૩૯,૦૦૦/- નો રાખી ચાર્જશીટના કોલમ નં.૨ માં જણાવેલ આરોપી નાસીરખાન પઠાણનાએ દારુનો જથ્થો પુરો પાડી પ્રોહી. એક્ટની કલમઃ-૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

**(૭)** ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં

આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

## <u>કારણોઃ–</u>

(૮) <u>મુદ્દા નં.૧ તથા ૨–</u>

(૮.૧) આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટની કલમઃ– ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે, તેવા સમયે આરોપીઓ વિરુદ્ધનું તહોમત વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષના શીરે છે.

(૮.૨) **સદર કામે ફરિયાદપક્ષ તરફે આંકઃ–૧૮ થી પંચ સાહેદ નટવરસિંહ ભાવુસિંહ વાઘેલાનાઓએ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,** તા.૦૬–૧૦–૨૦૧૫ ના રોજ પોલીસે સાહેદની એક તૈયાર પંચનામામાં સહી લીધેલી, સાહેદની રૂબરૂ કોઈ દારુની રેડ કરેલ નહી કે કોઈ દારુ પકડેલ નહી. પંચ સાહેદે પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

➔ સદર પંચ સાહેદે ફરિયાદપક્ષને સમર્થનકારી હકીકતો તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ ન હોય તેમને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે અને આરોપીપક્ષના વિ.વ.શ્રી દ્વારા સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં પંચ સાહેદે ફરિયાદપક્ષને સમર્થનકારી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાવેલ નથી.

(૮.૩) **સદર કામે ફરિયાદપક્ષે આંકઃ–૨૦ થી પંચ સાહેદ દિનેશભાઈ ચંદુભાઈ વાઘેલાનાઓએ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,** તા.૦૬–૧૦–૨૦૧૫ ના રોજ પોલીસે સાહેદની એક તૈયાર પંચનામામાં સહી લીધેલી, સાહેદની રૂબરૂ કોઈ દારુની રેડ કરેલ નહી કે કોઈ દારુ પકડેલ નહી. પંચ સાહેદે

પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

➔ સદર પંચ સાહેદે ફરિયાદપક્ષને સમર્થનકારી હકીકતો તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ ન હોય તેમને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે અને આરોપીપક્ષના વિ.વ.શ્રી દ્વારા સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં પંચ સાહેદે ફરિયાદપક્ષને સમર્થનકારી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાવેલ નથી.

(૮.૪) **સદર કામે ફરિયાદપક્ષે આંકઃ-૪૩ થી ફરિયાદી મહેન્દ્રસિંહ હરીસિંહ સોલંકીનાઓએ સોગંદ પર જુબાની આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,** તા.૦૬-૧૧-૨૦૧૫ ના રોજ ફરિયાદી એલ.સી.બી.અમદાવાદ ગ્રામ્ય ખાતે પો.કો. તરીકે ફરજ પર હાજર હતા, ત્યારે ફરિયાદી તથા જે.આર.રહેવર મદદનીશ સબ ઈન્સ્પેકટરશ્રી, અ.પો.કો. અજયસિંહ મહિપણસિંહ તથા અ.પો.કો. ભરતસિંહ અમરસિંહ, વગેરેનાઓ એસ.સી.બી. સ્ટાફના માણસો સાથે બાવળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન ફરિયાદીને ખાનગી બાતમી હકીકત મળેલ કે, બાવળા મતિયાવાસમાં રહેતા શનિ ઉર્ફે સંજયભાઈ ઠાકોર અને અશ્વિનભાઈ ધીરુભાઈ ઠાકોરનાઓ ભાગીદારીમાં માણસો દ્વારા પરપ્રાંતિય દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ કરે છે અને હાલમાં સંજય ઉર્ફે શનીના મકાનમાં દારૂનો જથ્થો સંતાડેલ છે. જે હકીકતના આધારે રહેવર સાહેબે સદર જગ્યાએ રેઈડનું આયોજન કરેલ, તે સારૂ નજીકમાંથી બે પંચોને બોલાવી બાતમી હકીકતથી વાકેફ કરી બાતમી હકીકત મુજબના મકાનમાં આવતા બે ઈસમો કંઈ આઘુપાછુ કરતા જણાયેલ. જેથી કોર્ડન કરી જે-તે ઈસમોને જે-તે સ્થિતિમાં પકડી પાડેલ. જેઓનું પંચો રૂબરૂ નામઠામ પુછતા પ્રથમ ઈસમે પોતાનું નામ જગદિશ ફતાજી ઠાકોર અને બીજા ઈસમે પોતાનું નામ અજયભાઈ ઉર્ફે પ્રકુલ બળદેવભાઈ ઠાકોર બંન્ને રહે.બાવળાના હોવાનું જણાવેલ. બંન્ને ઈસમોની

અંગઝડતીમાંથી કોઈ શંકાસ્પદ ચીજવસ્તુ મળી આવેલ નહી. બંન્ને ઈસમોને હાજર રાખી પંચો રૂબરૂ તપાસ કરતા પંચનામાની વિગતે પુઠાના બોક્સમાં તથા છુટી રોયલ સ્ટેગ ક્લાસીક વ્હીસકી ૭૫૦ મીલીની બોટલ નંગ–૭૮ હરીયાણા બનાવટની કંપની સીલબંધ હાલતમાં મળી આવેલ. જે એક નંગની કિંમત રૂ.૫૦૦/– લેખે કુલ કિંમત રૂ.૩૯,૦૦૦/– નો મળી આવેલ. જે જથ્થા સબંધે પાસ પરમીટ અંગે પકડાયેલ ઈસમોને પુછતાં નહી હોવાનું જણાવેલ. સદરહુ માલ ક્યાથી અને કોની પાસેથી લાવ્યા તે અંગે પુછતાં સદર માલ સની ઉર્ફે સંજય મહેશભાઈ ઠાકોર અને અશ્વિન ધીરુધાઈ ઠાકોર બંન્ને રહે.બાવળાનો હોવાનું જણાવેલ. પોતે દૈનિક રૂ.૩૦૦/– ના પગારથી નોકરી કરતા હોવાનું પંચો રૂબરૂ જણાવેલ છે. જે અંગે રહેવર સાહેબે કલાકઃ–૨૦.૦૦ થી કલાકઃ–૨૧.૦૦ સુધીનું વિગતવાર પંચનામું કરી દારૂનો જથ્થો તપાસ અર્થે કબજે કરેલ છે. જે અંગે ફરિયાદીએ ફરિયાદ નોંધાવેલ.

➔ ત્યારબાદ આરોપીપક્ષ તરફે તેમના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એલ.સી.બી. અમદાવાદ વિભાગની કચેરીએ સરકારી કામ અર્થે કે પેટ્રોલીંગમાં કે રેઈડમાં નિકળવાનું થાય તેની કચેરીમાં લેખીતમાં રજીસ્ટરમાં નોંધ કરવાની થતી હોતી નથી, કહેવાતી કામગીરીમાં પ્રાથમિક પંચનામું કરવાનું થયેલ નહી, કહેવાતી કામગીરીમાં ૧૨૦(બી) નો ઠરાવ રેઈડીંગ પાર્ટીને કરવાનો થયેલ નહી, ફરિયાદ અને પંચનામાની જગ્યાએ આજુબાજુ ઘણી બધી દુકાનો, લારીઓ, પાનના ગલ્લાઓ અને ઘણા બધા મકાનો આવેલા છે અને આજુબાજુ ઘણા બધા વાહનોની અવર–જવર અને ઘણા બધા માણસોની હાજરીવાળી જગ્યા છે, કહેવાતી કામગીરીમાં બાવળા પોલીસ સ્ટેશનનો કોઈ સંપર્ક કરવાનો થયેલ નહી કે તેના કર્મચારીને સાથે રાખવાનું થયેલ નહી, કહેવાતી કામગીરીમાં કોઈ

પાસેથી તેની પોતાની પાસે પ્રત્યક્ષ કોઈ વસ્તુ રીકવર કરવાની થયેલ નહી, કહેવાતી કામગીરીમાં કોઈ વ્યકિતનો ઓળખનો પુરાવો જોવાને કે મેળવવાનો થયેલ નહી, સામાન્ય રીતે પ્રોહીબીશનના કેસોમાં પહેલા પંચનામુ કરવામાં આવે ત્યારબાદ ફરિયાદ દાખલ કરવામાં આવે અને ત્યારબાદ નિવેદનો લેવામાં આવે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી તેમજ કચેરીએથી નિકળવાનો સમય કે ફરિયાદ અને પંચનામાવાળી જગ્યાએ પહોંચવાનો ચોક્કસ સમય જણાવેલ નથી તેમજ કહેવાતી બાતમીનો ચોક્કસ સમય દર્શાવેલ નથી તેમજ ક્યુ વાહન લઈને નિકળેલા તે કે તેનો નંબર જણાવેલ નથી તેમજ ફરિયાદ અને પંચનામાવાળી જગ્યાનું ચોક્કસ માપ, આકાર, પ્રકાર જણાવેલ નથી.

(૯) આમ, રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર કામે ફરિયાદપક્ષ તરફે રજુ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો ફરિયાદપક્ષે આંકઃ-૧૯ થી પંચનામુ રજુ રાખેલ છે. જે પંચનામાના પંચસાહેદને ફરિયાદપક્ષે આંકઃ-૧૮, ૨૦ થી તપાસવામાં આવેલા છે જેમાં સાહેદો ફરિયાદપક્ષને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી અને ત્યારબાદ આરોપીપક્ષ તરફે તેમના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ પંચ સાહેદોએ ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાવેલ નથી. જેથી સદર પંચનામુ પુરાવા અધીનિયમની જોગવાઈ અનુસાર પુરવાર થયેલ નથી. વધુમાં, સદર પંચનામાને અક્ષરસહ માની લઈ વંચાણે લેવામાં આવે તો પણ તેનાથી ગુનાવાળી જગ્યાની સ્થળ-સ્થિતિનો તાગ મળેલ છે તેના વિશે આરોપીને સાંકળતો કોઈ પુરાવો સદર પંચનામા પરથી જણાય આવતો નથી જેથી પંચનામુ ફરિયાદપક્ષને મદદરૂપ થતું નથી.

(૯.૧) આ કામે તપાસવામાં આવેલ ફરિયાદી પોલીસ સાહેદ છે કે જેઓ હીત ધરાવનાર સાહેદ ગણી શકાય. બનાવવાળી જગ્યાએ

લારીઓ, પાનના ગલ્લાઓ, ઘણી બધી દુકાનો તથા મકાનો આવેલ હોવા છતાં અને ત્યાં ઘણા બધા માણસોની અવર જવર રહેતી હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી. વધુમાં, ફરિયાદીની આરોપીપક્ષ તરફે તેમના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં કહેવાતી કામગીરીમાં કોઈ પાસેથી તેની પોતાની પાસે પ્રત્યક્ષ કોઈ વસ્તુ રીકવર કરવાની થયેલ નહી, કહેવાતી કામગીરીમાં પ્રાથમિક પંચનામું કરવાનું થયેલ નહી, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી તેમજ કચેરીએથી નિકળવાનો સમય કે ફરિયાદ અને પંચનામાવાળી જગ્યાએ પહોંચવાનો ચોક્કસ સમય જણાવેલ નથી તેમજ કહેવાતી બાતમીનો ચોક્કસ સમય દર્શાવેલ નથી તેમજ ક્યુ વાહન લઈને નિકળેલા તે કે તેનો નંબર જણાવેલ નથી તેમજ ફરિયાદ અને પંચનામાવાળી જગ્યાનું ચોક્કસ માપ, આકાર, પ્રકાર જણાવેલ ન હોવાની હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલ છે. તેમજ આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદ પણ ફરિયાદપક્ષના પુરાવાને બિલકુલ સમર્થન કરતા નથી ત્યારે આ કામે પકડાયેલ મુદ્દામાલ આરોપીઓના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ હોવાનું પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ હોવાનું સ્વીકારી શકાય નહી. વધુમાં, પ્રોસીક્યુશન તરફે આ મુદ્દામાલનો એફ.એસ.એલ. રિપોર્ટ રજુ કરેલ નથી. તેથી તે હકીકત પણ પુરવાર થઈ શકતી નથી કે પકડાયેલ મુદ્દામાલ વિદેશી દારુ હતો કે કેમ તે બાબતે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ નિવડેલ હોવાનું માની શકાય તેમ નથી.

**(૯.૨)** વધુમાં, સદર કામે આંકઃ–૭/૧ થી આ કામના આરોપી નં.૪ અશ્વીનભાઈ ધીરુભાઈ મગનભાઈ ઠાકોરનાઓનો મરણનો દાખલો રજુ રાખેલ છે જે ધ્યાને લેતાં આ કામના આરોપી તા.૨૭–૦૬–૨૦૧૭ ના રોજ મરણ ગયેલ હોવાનું જણાય આવે છે તથા સદર મરણ દાખલો તા.૦૩–૦૭–૨૦૧૭ ના રોજ ઈશ્યુ કરેલ હોવાનું જણાય આવે છે. વધુમાં, સદર કામે આંકઃ–૪૧/૧ થી આ કામના સાહેદ પ્રકાશભાઈ બચુભાઈ શર્માનાઓનો મરણનો દાખલો રજુ

રાખેલ છે જે ધ્યાને લેતાં આ કામના સાહેદ તા.૧૮–૧૦–૨૦૨૫ ના રોજ મરણ ગયેલ હોવાનું જણાય આવે છે તથા સદર મરણ દાખલો તા.૨૪–૧૧–૨૦૨૫ ના રોજ ઈશ્યુ કરેલ હોવાનું જણાય આવે છે. વધુમાં, સદર કામે આંકઃ–૪૯/૧ થી આ કામના સાહેદ જશવંતસિંહ રણજીતસિંહ રહેવરનાઓનો મરણનો દાખલો રજુ રાખેલ છે જે ધ્યાને લેતાં આ કામના સાહેદ તા.૧૩–૦૩–૨૦૨૧ ના રોજ મરણ ગયેલ હોવાનું જણાય આવે છે તથા સદર મરણ દાખલો તા.૧૬–૦૩–૨૦૨૧ ના રોજ ઈશ્યુ કરેલ હોવાનું જણાય આવે છે.

(૧૦)જેથી ફરીયાદપક્ષ તે હકીકત વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે કે, તા.૦૬–૧૧–૨૦૧૫ ના કલાકઃ–૨૧.૦૦ વાગ્યે મોજે બાવળા, ટાઉન મતિયાવાસ ખાતે આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં પોતાના કબજા ભોગવટામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે ૭૫૦ મી.લી. ની બોટલ નં.૭૮ કિંમત રૂ.૩૯,૦૦૦/– નો રાખી ચાર્જશીટના કોલમ નં.૨ માં જણાવેલ આરોપી નાસીરખાન પઠાણનાએ દારુનો જથ્થો પુરો પાડી પ્રોહી. એક્ટની કલમઃ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી), ૮૧ મુજબનો ગુનો કરેલ છે. જેથી **મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં** ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## હુકમઃ–

(૧) આ કામનાં આરોપીઓ **(૧) જગદિશ ફતાજી ઠાકોર (૨) અજય ઉર્ફે પ્રફુલભાઈ બળદેવભાઈ ઠાકોર (૩) સન્રી ઉર્ફે સંજય મહેશભાઈ ઠાકોર (૪) અશ્વીનભાઈ ધીરુભાઈ ઠાકોર (એબેટ) નાઓને** સી.આર.પી.સી ની કલમઃ–૨૫૫(૧) અન્વયે પ્રોહી.એક્ટની કલમઃ– ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી), ૮૧ મુજબના સજાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) સી.આર.પી.સી. ની કલમઃ-૪૩૭(એ) ની જોગવાઈ મુજબ સંભવિત અપીલના હેતુ માટે આરોપીઓના દરેકના રૂ.૫,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકો છ માસના સમયગાળા માટે અસ્તિત્વમાં રહેશે. ત્યારબાદ આરોપીઓના જામીન રદ્દ કરી જામીનદારને મુક્ત કરવા.

(૩) આ કામે મુદ્દામાલ પાવતીથી કબજે લીધેલ મુદ્દામાલ દારુ અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય મુદ્દામાલ માલિકીની ખરાઈ કરી પરત કરવો અથવા સદર કામે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તેને બીન શરતી કાયમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૪-૦૭-૨૦૨૬**
**સ્થળઃ-બાવળા**

**(નેહા દિનેશભાઈ જોષીપુરા)**
**એડી.જ્યુ.મેજી.ફસ્ટ ક્લાસ**
**તા.બાવળા,જિ.અમદાવાદ(ગ્રામ્ય)**
**UID No GJ**01701

એમ.જે.પરમાર – પી.એ.